**વડીલોને વંદન**
**અભિનંદન**

આજે જન્મદિવસ



રમેશભાઈ ગોરધનભાઈ જોશી
(૧૯૪૩) ફોનઃ૨૩૨ ૨૯૯૭૭



આશાબેન પ્રકાશકુમાર મહેતા
(૧૯૫૮) ફોનઃ ૨૩૨૩૮૬૧૦

# ગુજરાતને અન્યાય હોવાની વાત ખોટી છે : ચિદમ્બરમ

## ગુજરાતમાં પણ અન્ય રાજ્યો જેટલુ વિકાસ થયુ છે : ચિદમ્બરમ : ગુજરાતમાં મુસ્લિમો સુખી-સંપન્ન છે તેમ કહેવુ યોગ્ય નથી : સલમાન ખુર્શીદે દાવો કર્યો

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં ડિસેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે ભાજપ અને યૂપીએ સરકાર વચ્ચે આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર શરૂ થઈ ચુક્યો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્ર ઉપર એક પછી એક આક્ષેપોનો મારો ચલાવ્યા બાદ યૂપીએ સરકારના ત્રણ પ્રધાનોએ આજે મોરચા સંભાળ્યા હતા અને મોદીના આક્ષોપનો જવાબ આપ્યો હતો. કેન્દ્રીય ગૃહ પ્રધાન પી.ચિદમ્બરમ, કેન્દ્રીય કાયદા પ્રધાન સલમાન ખુર્શીદ અને માહિતી અને પ્રસારણ પ્રધાન અંબિકાસોનીએ બાજી સંભાળી હતી. ચિદમ્બરમે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે ગુજરાતના વિકાસમાં કેન્દ્રની મહત્વની ભૂમિકા છે. કેન્દ્ર દ્વારા ગુજરાતને અન્યાય કરવામા આવી રહ્યુ હોવાની વાત બિલકુલ ખોટી છે. આમા કોઈ દમ નથી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે દેશનુ આર્થિક વિકાસ ઘટી રહ્યુ નથી પરંતુ વધી રહ્યો છે. હાલમાં યોજી હતી અને આ મંત્રીઓએ યૂપીએ સરકારની યોજનાઓની માહિતી આપી હતી.



યૂપીએ સરકાર ૧૫ યોજના દેશમાં કાર્યરત છે. દેશમાં અન્નનો પૂરતો જથ્થો છે. ગત વર્ષ કરતા દેશમાં એફડીઆઈ ૫૧ ટકા હોવાની તેમણે વાત કરી હતી. સંયુક્ત પત્રકાર પરિષદમાં મોદી સરકારના આક્ષેપોને રદિયો આપવામા આવ્યો હતો. મોદી સરકારના હુમલાઓનો જવાબ આપવા ત્રણ કેન્દ્રીય પ્રધાનોએ સંયુક્ત પત્રકાર પરિષદ તેમણે કહ્યુ હતુ કે કેન્દ્ર સરકાર દ્વારા દરેક રાજ્યને એક સમાન રીતે નાણાની ફાળવણી કરવામા આવી રહી છે. ગુજરાતને કોઈપણ અન્યાય કરવામાં આવી રહ્યુ નથી. ગુજરાતને અન્યાય થઈ રહ્યુ હોવાની મોદીની વાત ખોટી હોવાનો દાવો ચિદમ્બરમે કહ્યો હતો. ગૃહ પ્રધાને કહ્યુ હતુ કે સુપ્રીમ કોર્ટની નવી બેંચ આવશે ત્યારે નેશનલ ડેટાબેંક બનાવવામા આવશે. વધુમાં દરેક રાજ્યમાં કાયદો મજબૂત બનાવવો જોઈએ અને રાજ્યમાં ડરનુ વાતાવરણ ઉભુ ન થાય તેવુ ધ્યાન રાખવુ જોઈએ. ગુજરાતના વિકાસમાં કેન્દ્રની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. ગુજરાતમાં અન્ય રાજ્યો જેટલો જ વિકાસ થયો છે. ૫૧૦૦૦ કરોડના આઉટલેમા ગુજરાતનો ભાગ છે. કેન્દ્રએ આપેલા નાણાં નો ગુજરાતે પૂરતો ઉપયોગ કરવો જોઈએ. કેન્દ્ર સાથે અન્યાયની વાતોને ફગાવી દઈને જણાવવામા આવ્યુ હતુ કે રાજ્યો સાથે અન્યાયની વાતને ગંભીરતાથી લેવી જોઈએ નહી. આ એક રાજકીય રમતના ભાગરૂપે આક્ષેપો થઈ રહ્યા છે. ગુજરાતમા મુસ્લિમો સુખી અને સંપન્ન છે તથા અન્ય રાજ્યોમાં સુખી અને સંપન્ન નથી તે પ્રકારની વાત કરવી અયોગ્ય છે તેમ કેન્દ્રીય કાયદા પ્રધાન સલમાન ખુર્શીદે કહ્યુ હતુ. ત્રણ કેન્દ્રીય પ્રધાનોએ આજે તમામ આકંડાકીય માહિતી પૂરી પાડી હતી.

# સમાચાર ઝલક

- સિયાચીન મડાગાંઠ ઉકેલવામાં ભારત-પાક ફરી વખત નિષ્ફળ.
- ભોજપુર જિલ્લાના ખોભરા ગામમાં રણવીર સેનાના સ્થાપક શ્રી બહ્મેશ્વરસિંહની તેરમાંની ક્રિયામાં ૨૫ ગેસ સિલિન્ડરો વિસ્ફોટ થતાં ભાગદોડ થઇ.
- રાજયની ચાર શૈક્ષણિક સંસ્થાઓને પ્રવેશ ફોર્મથી કરોડોની આવક થઇ.
- આજથી બી.એસ.એન.એલ. કર્મચારી-અધિકારીઓ અચોક્કસ મુદ્દતની હડતાળ પર.
- ભાજપના અગ્રણી શ્રી જસવંતસિંઘ ઉપ રાષ્ટ્રપતિ પદ માટેની રેસમાં.
- નિર્મલબાબા એ ક્રિકેટર યુવરાજ સાથે પણ કેન્સર મટાડવા માટે રૂા. ૨૦ લાખની છેતરપીંડી કરી.
- નોબેલ પારિતોષિકને પણ મંદી નડી, ઇનામી રકમમાં ૨૦ ટકાનો કાપ.
- દેશમાં ૧૬,૦૦૦ કરોડની નકલી નોટ ચલણમાં ફરી રહી છે.
- ઇજિપ્તના ભૂતપૂર્વ પ્રમુખ અને આજીવન કેદની સજા ભોગવતા હોસ્ની મુબારક કોમામાં.
- મંદીની અસર કારનો વેચાણવૃધ્ધિ દર સાત મહિનાના તળિયે.
- ૧ લી જુલાઇથી વીજળી પ્રતિ યુનિટ એક રૂપિયો મોંઘી થવાની શક્યતા.
- સ્વામી નિત્યાનંદની ધરપકડના વોરંટથી સ્વામીજી અંડર ગ્રાઉન્ડ.
- તા. ૧૧-૧૨ જુલાઇના રોજ દેશભરના વકીલો કોર્ટનો કરશે બહિષ્કાર.
- રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલ ૨૦ ટ્રક ભરીને સામાન પોતાના ઘરે લઇ જશે.
- નહેરૂ - ગાંધી પરિવારની વધુ એક પુત્રવધૂ રાજકારણમાં ઝુંકાવશે, શ્રીમતી યામિની વરૂણ ગાંધી સિતારગંજ વિધાનસભા બેઠક ચૂંટણી લડે તેવી શક્યતા.
- આંગણવાડીના કાર્યકર અને હેલ્પરો 'કામદાર' આઇ.સી.ડી.સી. યોજના ઉદ્યોગ છે, મહારાષ્ટ્ર હાઇકોર્ટનો ચુકાદો.

## ગુજરાત રાજ્ય મહિલા આયોગનું પુનઃગઠન કરાયું : ચાર નવા સભ્યોની નિમણૂક

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકારના મહિલા આયોગના બાળવિકાસ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય મહિલા આયોગનું પુનઃગઠન કરી ચાર નવા સભ્યોની નિમણૂંક કરી છે, એમ ગુજરાત રાજ્ય મહિલા આયોગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં જણાવ્યા મુજબ જે ચાર નવા સભ્યો નિમાયા છે તેમાં મહેસાણા જિલ્લાના લીંચના સામાજીક કાર્યકર શ્રીમતિ અંજનાબેન પટેલ, જામનગરના શ્રીમતી હંસાબેન પીપળીયા, ડાંગ જિલ્લાના શીવારીમાળના શ્રીમતી ઉર્મિલાબેન ખૈરાડ, રાજકોટના સુશ્રી મહેશ્વરી જે. ચૌહાણનો સમાવેશ થાય છે. જ્યારે આયોગના અધ્યક્ષા શ્રીમતી લીલાબેન અંકોલીયાને અધ્યક્ષ તરીકે પુનઃ નિમણૂંક અપાઇ છે. રાજ્ય મહિલા આયોગના સંપર્ક નંબર ૦૭૯-૨૩૨-૫૧૬૧૩, ૫૧૬૦૨, ૫૧૬૦૪ અને ૫૧૬૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગુજરાતનાં પ્રતિનિધિમંડળે શાંઘાઈમાં રોડ-શોનું આયોજન કર્યું

## રોડ-શોમાં ચાઈનીઝ કંપનીઓ અને મૂડીરોકાણકારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત સરકારનાં નિવાસી કમિંર શ્રી ભરત લાલની આગેવાનીમાં સરકારી અધિકારીઓ અને ઉદ્યોગ અગ્રણીઓનાં ૧૫ સભ્યોનાં -તિનિધિમંડળે ચીનનાં શાંઘાઈ શહેરની મુલાકાત કરીને એક સફળ રોડ-શોનું આયોજન કર્યુ હતું. રોડ-શોમાં ચાઈનીઝ કંપનીઓ અને મૂડીરોકાણકારોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

ગુજરાત સરકાર વતી શ્રી ભરત લાલે શાંઘાઈ-સ્થિત ઉદ્યોગ તથા ટેક્નોલોજી ક્ષેત્રનાં અગ્રણીઓ અને મૂડીરોકાણકારોને આગામી તારીખ ૧૧-૧૩ જાન્યુઆરી ૨૦૧૩ દરમ્યાન ગાંધીનગર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગ લેવાનું આમંત્રણ પાઠવ્યું હતું. ગુજરાતની અગ્રણી કંપની ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ દ્વારા રાજયમાં પુનઁ-ાપ્ય ર્જા, વેસ્ટ મેનજમેન્ટ અને શહેરી આંતરમાળખાકિય સેવાનાં ક્ષેત્રે રહેલી વિશાળ તકો અંગે માહિતી આપવામાં આવી હતી અને ચાઈનીઝ કંપનીઓને ગુજરાતમાં મૂડીરોકાણનાં અવસરોની રૂપરેખા આપવામાં આવી હતી. ચીનનાં એસોસિયેશન ઓફ વૉચ વર્લ્ડનાં વાઈસ ચેરમેન અને એક્ઝીક્યુટીવ ડાયરેકટર શ્રીયુત સન




યાંગે ચાઈનીઝ મૂડીરોકાણકારોને વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મોટા પાયે ભાગ લેવાનું આહવાન કર્યુ હતું.

ગુજરાતનાં -તિનિધિમંડળે શાંઘાઈ-સ્થિત મોટી કંપનીઓ સાથે એક બેઠકનું આયોજન પણ કર્યુ હતું, જેમાં ગુજરાત અને ચીન વચ્ચે સહભાગિતાનું ફલક વિસ્તારવા અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. -તિનિધિમંડળે ગુજરાત ખાતે આકાર લઈ રહેલા ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન, દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અને ગિફ્ટ સીટી જેવા -ોજેકટ્સ તથા રાજયમાં મૂડીરોકાણનાં અવસરો અંગેની ભુમિકા આપી હતી. ચાઈનીઝ કંપનીઓએ ગુજરાતમાં આંતરમાળખાકિય સુવિધાઓ, હેવી એન્જિનિયરિંગ, પુનઁ-ાપ્ય ર્જા, ટેકનિકલ ટેક્ષટાઈલ જેવા ક્ષેત્રોમાં મૂડીરોકાણ કરવા તત્પરતા વ્યક્ત કરી હતી. -તિનિધિમંડળ શાંઘાઈ બાદ બેઈજીંગ જઈને ત્યાં ૧૪-૧૫ જુન દરમ્યાન યોજાનારૅ ધી ચાઈના ગ્લોબલ આઉટબાઉન્ડ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં ભાગ લેશે અને બેઈજીંગ ખાતે પણ એક રોડ-શોનું આયોજન કરશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં એક ઉચ્ચસ્તરીય -તિનિધિમંડળ નવેમ્બર-૨૦૧૧માં ચીનની મુલાકાતે ગયું હતું. ચીન મુલાકાતને પગલે ચીનનાં ઉદ્યોગજગતમાં ગુજરાતમાં મૂડીરોકાણ કરવાની તત્પરતાને વેગ મળ્યો હતો. છેલ્લા થોડા સમયગાળા ચીનની કંપનીઓએ ગુજરાતમાં મોટા પાયે રોકાણ કર્યુછે. ચીનની અગ્રણી કંપની TBEA એ ૪૦૦ મિલિયન ડોલરનાં ખર્ચે ગુજરાતમાં ગ્રીન એનર્જી પાર્ક સ્થાપવા માટે સમજુતીકરાર કર્યા છે.

## શબ્દાવલી - ૪૭૫૭



**આડી ચાવી**

૧. શૂરવીર, કેડે ચમરબંધી વાળુ (૫)
૫. તોફાનને હિન્દીમાં... કહેવાય (૨)
૭. રાડ, ચીસ (૨)
૮. ડરાવવું, ધમકાવવું તે (૫)
૧૦. પ્રકૃતિના પાંચ... હોય છે (૨)
૧૧. રતાશ પડતુ (૪)
૧૨. વજનનું એક માપ (૨)
૧૪. શિક્ષા, દંડ (૨)
૧૬. રાહ, પંથ, કેડી (૨)
૧૭. ભિસ્તી... માં પાણી ભરી છાંટે (૩)
૧૮. હિંમત, ત્રેવડ (૨)
૨૦. ફરિયાદ (૨)
૨૧. નવું તૂત (૪)
૨૩. પાણી, જળા (૨)

**ઊભી ચાવી**

૧. ચકલા-પારેવા વગેરેને ચણ નાખે તે જગ્યા (૪)
૨. માયા-મમતા (૩)
૩. ધારા-ધોરણ, સંવિધાન (૪)
૪. વધુ ને વધુ વધે તે રીતનું ધમધાકોર (૩)
૫. સાધુના ભિક્ષાપાત્ર (૩)
૬. પાવડરના રૂપની દવા (૨)
૯. પવન ફૂંકવાનું એક સાધન (૩)
૧૨. હિંમત, શક્તિ (૩)
૧૩. આશરે નક્કી કરવું, ... કરવી (૪)
૧૪. દાન, દક્ષિણા (૪)
૧૫. સમાચાર, વાવડ (૩)
૧૭. ફુલ, પુષ્પ (૩)
૧૯. યુવાન વય, જવાન હોવું તે (૩)
૨૧. મોટુ, વડીલ (૨)
૨૨. નારીનો વિરોધી શબ્દ (૨)

**શબ્દાવલી ૪૭૫૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) કરાર (૩) કપાતર (૬) માકડ (૮) પાટ (૯) રોજ (૧૧) મકબરો (૧૩) તકાજો (૧૬) વનચર (૧૭) કતલ (૧૯) મતલબ (૨૦) ગરમાળો (૨૩) રજત (૨૪) પલટન

**ઊભી ચાવી :-** (૧) કચરો (૨) રમા (૩) કડક (૪) તપારો (૫) રટ (૭) કમજોર (૧૦) જતન (૧૨) બરકત (૧૪) કાચ (૧૫) તલબ (૧૬) વલગર (૧૮) તલવટ (૨૧) રજ (૨૨) માત

## આજે નરેન્દ્રભાઈ મોદી સાબરકાંઠાના વનવાસી ક્ષેત્રમાં પ્રાથમિક શિક્ષણનો યજ્ઞ કરશે

ગાંધીનગર, તા. ૧૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં તા. ૧૪ થી ૧૬ જૂન : ૨૦૧૨ના ત્રણ દિવસો દરમિયાન દશમાં કન્યા કેળવણી અને શાળાપ્રવેશ મહોત્સવનું નેતૃત્વ કરશે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૧૪મી જૂન-ગુરૂવારે સવારે ૧૦ કલાકે ગાંધીનગર-વિડિયો કોન્ફરન્સ માધ્યમથી સમગ્ર ગુજરાતમાં સેટેલાઈટ ઈ-ગવર્નન્સ દ્વારા પ્રાથમિક શિક્ષણ માટે સમાજની સામૂહિક ભાગીદારી અને સંવેદનાનું પ્રેરક માર્ગદર્શન આપશે.

ત્યારબાદ સાબરકાંઠાના વનવાસી ક્ષેત્ર ભિલોડા તાલુકાના મઉટાંડા અને વિજયનગર તાલુકાના તોડાવ ગામની પ્રાથમિક શાળા અને આંગણવાડી પ્રવેશોત્સવમાં ભાગીદાર બનશે.

## ફાસ્ટ્રેકે રજૂ કરેલી આય સ્પોર્ટ સનગ્લાસીસની નવી શ્રેણી

આ ઉનાળાને લક્ષમાં રાખીને ફાસ્ટ્રેક દ્વારા આય સ્પોર્ટ સનગ્લાસીસની નવી શ્રેણી રજૂ કરવામાં આવી છે. રૂ. ૯૯૫ થી રૂ. ૨૯૯૫ની શ્રેણીમાં ઉપલબ્ધ ફાસ્ટ્રેક સનગ્લાસીસ પ્લાસ્ટીક રેપ્સ અને વ્હાઈટ કલર ફ્રેમ ધરાવે છે.

ફાસ્ટ્રેકે રજૂ કરેલા સનગ્લાસીસની દાંડીઓ પર રબર ગ્રીપ છે અને પોલરાઈઝ્ડ લેન્સને કારણે ગ્લેર કપાઈ જાયછે. વધારે સારા કોન્ટ્રાસ્ટ માટે બ્રાઉન લેન્સીસ છે. ફાસ્ટ્રેકે આ માટે નવી પ્રચાર ઝુંબેશ હાથ ધી છે.

# રાજયમાં આજથી ત્રણ દિવસ માટે શરૂ થનારો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ

ગાંધીનગર,તા.૧૩

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં આવતીકાલથી ત્રણ દિવસ માટે અને ૨૮મીથી શહેરી વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થશે.

રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં આવતીકાલથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ થઈ રહ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન સાઈકલ વિતરણ ઉપરાંત કુટીર અને ગ્રામોદ્યોગ ખાતાની માનવ કલ્યાણ યોજના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગની માનવ ગરીમા યોજના વિકલાંગ સહાય યોજના જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત રાજયના ગરીબ અને નબળા વર્ગના લોકો માટે ટુલકીટ સાધન સહાય આપવામાં આવે છે. જેમાં બાકી રહેતી ટુલકીટ વિતરણ પણ કરવામાં આવનાર છે.

તાલુકા મથકેથી ગામડાઓમાં સાયકલ તથા ટુલકીટ મોકલવા માટે મા અને મ વિભાગ સિંચાઈ વિભાગ નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સરકારી વાહનોનો ઉપયોગ કરવાનો રહેશે.

તા. ૨૮, ૨૯ અને ૩૦ જૂન ૨૦૧૨ના રોજ મ્યુનિસિપલ કોર્પોરેશન નગરપાલિકા જેવા શહેરી વિસ્તારોમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમમાં કાર્યક્રમના સ્થળે ટુલકીટ પહોંચાડવાની જવાબદારી સંબંધીત શહેરી મામલતદાર ચીફ ઓફીસરની રહેશે.

આવતીકાલથી શાળા પ્રવેશોત્સવ શરૂ થતાં કાર્યક્રમમાં ભાગ લેવા માટે મંત્રીઓ સનદી અધિકારીઓ આઈ.પી.એસ. અધિકારીઓ આજથી ત્રણ દિવસ માટે જે તે તાલુકાના પ્રવાસે ગયા છે. મંત્રીઓ અને અધિકારીઓ જિલ્લાના પ્રવાસે જતાં સચિવાલય મંત્રીઓ અધિકારીઓ વિહોણું બન્યું છે.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજની બેઠક યોજાશે

દહેગામ, તા.૧૩

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામની ૨૦મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૭જૂન ૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૯ કલાકે ચીનુભાઈ સોમાભાઈ પ્રજાપતિ સમાજ હોલ દહેગામ ખાતે યોજાશે. આ બેઠકમાં પરીવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાયનો ચાલુ વર્ષનો પ્રથમ હપ્તો ચૂકવવામાં આવશે તો સર્વે સભાસદ જ્ઞાતિબંધુઓને પધારવા સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ નિમિત્તે ૨૯૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ તેમજ ૨૩૧ કન્યાઓને સાઈકલ અપાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવનો ત્રિદિવસીય કાર્યક્રમ તા. ૧૪મી જુનના રોજથી શરૂ થશે. જે અંતર્ગત જિલ્લાની ગ્રામ્ય કક્ષાની ૧૭૯ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. તેમજ સરસ્વતી સાધના યોજના અંતર્ગત ૨૩૧ વિદ્યાર્થીનીઓને સાયકલ આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવનું સુચારું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે સૌ -થમ વાર આ કાર્યક્રમ અંતર્ગત રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૧૪ મી જૂનના રોજ સવારે ૯.૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધશે. આ કાર્યક્રમને એક દાયકો પુરો થતો હોવાથી જે વિદ્યાર્થીનીઓના વિદ્યા લક્ષ્મી બોન્ડ પાકી ગયા છે, તેમને વ્યાજ સાથે પરત ચુકવવામાં આવશે. ચાલુ વર્ષ એટલે કે શાળા -વેશોત્સવ-૨૦૧૨ અંતર્ગત જિલ્લાના ગ્રામ્ય કક્ષાની ૧૭૯ કન્યાઓ અને શહેરી કક્ષાની - ૧૧૨ કન્યાઓ મળીને કુલ-૨૯૧ કન્યાઓને રૂપિયા ૫ લાખ ૮૨ હજારના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. સરસ્વતી સાધના યોજના અંતર્ગત જિલ્લાના ચાર તાલુકાની ૨૩૧ કન્યાઓને સાયકલ આપવામાં આવશે. જેમાં ગાંધીનગર તાલુકાની-૯૧, દહેગામ તાલુકાની- ૧૩, માણસા તાલુકાની- ૫ અને કલોલ તાલુકાની ૬ કન્યાઓનો સમાવેશ થાય છે. તે સિવાય ચાર તાલુકાના વિકસતી જાતિ, વિચરતી જાતિ, લઘુમતી જાતિ અને આર્થિક રીતે પછાત જાતિના ૭૫ હજાર જેટલા વિદ્યાર્થીઓને રૂપિયા ૪ કરોડના ગણવેશ અને શિષ્યવૃતિ આપવામાં આવશે.

## ગાંધીનગરના રાજમાર્ગ સાથે ડૉ.બાબા સાહેબનું નામ જોડવા માંગ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં આવેલી કોઈપણ સરકારી ઈમારત, કોઈ શાળા, મુખ્ય માર્ગનું નામાભિધાન ડૉ. બાબા સાહેબ આંબેડકર રાખવામાં આવે તેવી રજૂઆત ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા મુખ્યમંત્રીશ્રી ફકિરભાઈ વાઘેલાને કરવામાં આવી છે. સમિતિના મહામંત્રી વિઠ્ઠલભાઈ પરમારે માંગણી કરેલ છે.

## આદર્શ સંસ્કાર તીર્થ માધ્યમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાના ધણપ ગામે આવેલી આદર્શ સંસ્કાર તીર્થ માધ્યમિક શાળાનું વર્ષ ૨૦૧૧-૧૨નું એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું વાર્ષિક પરિણામ ૭૭ ટકા આવ્યું છે. જેમાં રિતેશ ભટ્ટે ૯૫.૧૨ ટકા પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

ધણપની આદર્શ સંસ્કાર તીર્થ શાળાના પ્રથણ ત્રણ વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે રિતેશ ભટ્ટ ૯૫.૧૨ ટકા સાથે તથા જલ્પેશ દરજી ૮૬.૮૩ ટકા સાથે દ્વિતીય ક્રમે અને માનસી જોષી ૮૫.૭૭ ટકા સાથે તૃતીય નંબરે ઉત્તીર્ણ થયા છે. ઉત્તીર્ણ થનાર સૌ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ સુરેન્દ્રસિંહ રાણા, મંત્રી સુખાજી તથા મંડળના સર્વે હોદેદારો તથા શાળાના આચાર્ય એ હાર્દિક શુભકામના પાઠવી છે.

# અનુસૂચિત જાતિના ખેલાડીઓનો સ્કીલ ડેવલપમેન્ટ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકારના રમતગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને સિનિયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગાંધીનગર દ્વારા અનુસૂચિત જાતિના ખેલાડીઓમાં રહેલી રમતલક્ષી સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરવા સ્કીલ ડેવલપમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે અનુસૂચિત જાતિના ખેલાડીઓ સારા પરિણામ મેળવી શકે તે હેતુને ધ્યાને લઈ તા. ૩૦મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ ૧૬ વર્ષ પૂર્ણ ન થયા હોય તેટલી ઉંમરના ગાંધીનગર જિલ્લાના ખેલાડી ભાઈઓ બહેનો માટે કબડ્ડી, ખોખો, વોલીબોલ, એથ્લેટીકસ અને યોગાસન એમ પાંચ રમતોનો ૨૧ દિવસનો નિવાસી પ્રશિક્ષણ શિબિર ૩૦મી ઓગષ્ટ ૨૦૧૨ પહેલા યોજવામાં આવશે.

સ્કીલ ડેવલપમેન્ટ કેમ્પમાં ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધાના વિજેતાઓ, શાળાકીય રમતના જિલ્લા કક્ષાના વિજેતાઓ, વિવિધ રમતના એસોસિએશનની જિલ્લા કક્ષા સ્પર્ધાના વિજેતાઓ કે જિલ્લાના પ્રતિભાવંત ખેલાડીઓ જોડાઈ શકશે. ભાગ લેવા ઈચ્છતા ખેલાડીએ સિનિયર કોચની કચેરીમાંથી ૧૫મી જુલાઈ ૨૦૧૨ સુધીમાં ફોર્મ મેળવી ભરીને પરત કરવાના રહેશે. શિબિરમાં જોડાનાર ખેલાડીઓને નિવાસથી શિબિર સ્થળે આવવા જવાનું પ્રવાસ ખર્ચ, ભોજન, નિવાસ તેજ સ્પોર્ટસ કીટ સરકાર દ્વારા નિયત કરેલા ધોરણો મુજબ પૂરી પાડવામાં આવશે.